અપીલ અરજી નં.૧૩૨ તા.૧૩–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી કનૈયાલા હસમુખલાલ કંસારા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) (ગુ.ધા.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કનૈયાલા હસમુખલાલ કંસારાની તા.૨૭–૫–૧૦ની અરજીથી ૨/૪૬૪૩, ગાયત્રીકૃપા બિલ્ડીંગના ભોંયતળીયે ચાલતી દુકાન જેની ગુમાસ્તાધારામાં સંસ્થાની ઓળખ ૫૧૨૦૧૬ છે. અનિલકુમાર નારણદાસ બોરસલીવાલાની ૨/૪૬૪૩, ગાયત્રીકૃપા બિલ્ડીંગ, સગરામપુરા, પુતળી પાસે, સુરત અનિલકુમાર નારણદાસ બોરસીલવાલાની "લોકમાન્ય મીકેનીકલ વર્કસ " નામે ચાલતી દુકાન સરનામે આવેલ સંસ્થાનું નામ તેમજ માલિકનું તેમજ ભાગીદારો હોય તો તેના લાઈસન્સ નોંધણીનો નંબર,લાઈસન્સ નોંધણીની તારીખ, લાઈસન્સ રિન્યુ કરાવ્યાની તારીખ તેમજ તે સંસ્થાનું સરનામુ , ગુમાસ્તા સંસ્થાની નોંધણી કરાવ્યા પછી માલિકી કે અન્ય રીતે ફેરફાર થયા હોય તો તે જણાવવા વિ.ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૨/૨૦૧૦–૧૧

શ્રી કનૈયાલા હસમુખલાલ કંસારાની તા.૨૭–૫–૧૦ની અરજીથી ૨/૪૬૪૩, ગાયત્રીકૃપા બિલ્ડીંગના ભોંયતળીયે ચાલતી દુકાન જેની ગુમાસ્તાધારામાં સંસ્થાની ઓળખ ૫૧૨૦૧૬ છે. અનિલકુમાર નારણદાસ બોરસલીવાલાની ૨/૪૬૪૩, ગાયત્રીકૃપા બિલ્ડીંગ, સગરામપુરા, પુતળી પાસે, સુરત અનિલકુમાર નારણદાસ બોરસલીવાલાની "લોકમાન્ય મીકેનીકલ વર્કસ " નામે ચાલતી દુકાન સરનામે આવેલ સંસ્થાનું નામ તેમજ માલિકનું તેમજ ભાગીદારો હોય તો તેના લાઈસન્સ નોંધણીનો નંબર ,લાઈસન્સ નોંધણીની તારીખ, લાઈસન્સ રિન્યુ કરાવ્યાની તારીખ તેમજ તે સંસ્થાનું સરનામુ , ગુમાસ્તા સંસ્થાની નોંધણી કરાવ્યા પછી માલિકી કે અન્ય રીતે ફેરફાર થયા હોય તો તે જણાવવા વિ.ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, (ગુમાસ્તા વિ.) ના પત્ર નં.સીઝેડ/એસ.એન્ડ.ઈ/ આઉટવર્ડ/૧૫૬ તા.૧૫–૬–૨૦૧૦ થી આપેલ માહિતી માંગ્યા મુજબની મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૮ તા.૨૬–૭–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) (ગુ.ધા.) તથા અરજદારને અપીલ અરજીમાં માંગેલ નિર્દિષ્ટ મિલ્કતની નોંધણીની વિગત આપેલ છે છતાં અલગ હોવાના દાવા અન્વયે અગાઉ મેળવેલ માહિતીના આધાર નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી અરજી સાથે મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત, અરજી સ્વીકાર્યાની પહોંચ અને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/ આ.નં.૧૫૬ તા.૧૫–૬–૧૦ ની નકલ રજૂ કરેલ છે. વધુમાં અરજદારે આપેલ માહિતી સંદર્ભે ૨/૪૬૪૩ ગાયત્રીકૃપા એપાર્ટ., ભોંયતળીયે ચાલતી દુકાન " લોકમાન્ય મીકેનીકલ વર્કસ" અંગે ૨૦૦૮ ની સાલના ૯ માં મહીનાની સ્થિતિએ માલિકનું નામ :– અનિલકુમાર નારણદાસ બોરસવાળા, નોંધણી નં.સીઝેડ/એસ/૬૫૫૮, નોંધણી તારીખઃ– ૩૧–૮–૯૮ સંસ્થાની ઓળખઃ– ૫૧૨૦૧૬, રીન્યુ રસીદ નં.૧૪, રીન્યુ રસીદ તારીખઃ– ૨–૬–૨૦૦૫ , સંસ્થાનું સરનામુંઃ– ૨/૪૬૪૩ ગાયત્રી કૃપા એપાર્ટમેન્ટ સગરામપુરા, પુતળી સામે, સુરત ની વિગત જણાવેલ છે. તે વિગતે હાલની પરિસ્થિતિ અંગેની માહિતી માંગેલ છે. તેનાથી તદ્દન અલગ માહિતી પૂરી પાડેલ હોય આઈ ડી નં.૨૪૬ તા.૨૭–૫–૧૦ ની માંગ્યા મુજબની માહિતી નથી તેથી અપીલ અરજી કરેલ છે. વધુમાં અપીલ તબકકે પૂરક વિગતોમાં ૨/ ૪૬૪૩ ગાયત્રીકૃપા બિલ્ડીંગ ભોંયતળીયે ચાલતી દુકાનમાં બે અલગ સંસ્થા અસ્તિત્વ ધરાવે છે. સંસ્થાની ઓળખ ૫૧૨૦૧ ૬ છે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલી માહિતી અલગ અને બીજી સંસ્થાની માહિતી છે. અમારી વિગતો ખરી અને તે અંગેના આધાર પુરાવા અમારાથી કયાંક મુકાય ગયા હોવાથી મળતા નથી મળતા જ તમારી સમક્ષ રજૂ કરીશું. વધુમાં તા.૨૯–૭–૧૦ ના રોજ ઓનલાઈન કોમ્પ્યુટર ઉપર જોતા સદરહુ માહિતી ઉપલબ્ધ હતી. તેવી રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૨૭–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં નિર્દિષ્ટ બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નસ.સી.ઝેડ/એસએન્ડઈ/ આ.નં.૧૫૬ તા.૧૫–૬–૧૦ થી અરજદારની તા.૨૭–૫–૧૦ ના રોજ રસીદ નં.૩૮૧૫૮૬ થી રૂા.૨૦/– ભરી લોકમાન્ય મીકેનીકલ વર્કસ ની માહિતી માંગવામાં આવેલ છે. જે દફતરી રેકર્ડ જોતાં સંસ્થાનું નામઃ– લોકમાન્ય ઈલેકટ્રીકલ વર્કસ, માલિકનું નામઃ– હિતેશભાઈ અનિલકુમાર બોરસલીવાલા, સંસ્થાનું નામઃ– ૨/૪૬ ૪૩, સગરામપુરા થોભાશેરી, સુરત, નોંધણી પ્રમાણપત્ર નંબરઃ– સીઝેડ/એસ/૨/૫૨૨૪, સંસ્થાની નોંધણી તારીખઃ– ૨૪–૨–૧૯૯૨, નોંધણી તારીખ રીન્યુઃ– ૧૭–૧૧–૦૮ ના રોજ (૩૧–૧૨–૧૦) સુધી રીન્યુ કરાવેલ છે તેવી માહિતી આપવામા આવેલ છે. જે બાબતે અરજદારે ૨/૪૬૪૩ ગાયત્રીકૃપા બિલ્ડીંગ ભોંયતળીયે ચાલતી દુકાન જેની ગુમાસ્તા ખાતામાં સંસ્થાની ઓળખ ૫૧૨૦૧૬ છે. અરજદારે અનિલકુમાર નારણદાસ બોરસલીવાલા ધ્વારા લોકમાન્ય મીકેનીકલ વર્કસ નામની સંસ્થા છે જેનો ૨૦૦૮ ના ૯ મા મહીનાની સ્થિતિએ નોંધણી નં.સી.ઝેડ/એસ/૬૫૫૮ છે તેની માહિતી માંગેલ

છે. તેની જગ્યાએ તે જગ્યામાં ચાલતી બીજી અલગ સંસ્થાની માહિતી પૂરી પાડેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે તા. ૧૩–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. આમ અરજદારે મુળ અરજીમાં પણ અનિલકુમાર નારણદાસ બોરસલીવાલાની અને લોકમાન્ય મીકેનીકલ વર્કસ નામથી ચાલતી સંસ્થાની માહિતી માંગેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારે રજૂ કરેલ પૂરક વિગતોના પત્ર અન્વયે એસએમસીના કિયોસ્ક પરની માહિતી એસએમસીના નેટવર્ક http://202.54.1.8/TSA/establishment.asp પરથી ચકાસણી કરતાં અરજદારની અપીલમાંની રજૂઆતને સમર્થન મળેલ છે. તે ધ્યાને લેતાં અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી નહીં પડાયાનું સ્પષ્ટ થાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૭–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય મુળ અરજીના સંદર્ભે ઉપરોકત જણાવેલ વિગતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી હાલની સ્થિતિએ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) (ગુ.ધા.) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) (ગુ.ધા.) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી કનૈયાલા હસમુખલાલ કંસારા